| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૪.૦° સે. | ૨૮.૦° સે. |
| આહવા | ૩૬.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૩૭.૦° સે. | ૨૯.૦° સે. |
| વાપી | ૩૭.૦° સે. | ૨૯.૦° સે. |

# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫






## વાડા ગામે કચરાના ઢગલામાં ભીષણ આગથી હડકંપ


**મીંઢોળા** નદી કિનારે ધુમાડાના ગોટેગોટા છવાયા

નવસારીઃ નવસારી જિલ્લાના વાડા ગામની સીમમાં મીંઢોળા નદીના કિનારે આવેલી પડતર જમીનમાં ફેંકાયેલા વેસ્ટ અને કચરાના મોટા જથ્થામાં ભભૂકી ઊઠેલી આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. કાળા ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા હતા, જેના કારણે આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં ત્રણથી વધુ ફાયર ફાઈટર વાહનો સાથે પહોંચેલી ટીમે સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. વાડા ગામે બનેલી આ ઘટનાએ ફરી એકવાર ખુલ્લામાં ફેંકાતા વેસ્ટ અને કચરાના ઢગલાઓથી ઊભા થતાં જોખમો સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

# ચીખલીના વાણિયાવાડમાં ૧૦૦ વર્ષથી નથી વર્તાઈ પાણીની અછત

**દરેક** ઘર પાસે છે પોતાનો કૂવો, પરંપરાગત જળ વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ

ઘેજ: ચીખલી પંથકમાં એક એવું ફળિયું છે જ્યાં ૧૦૦-વર્ષથી વધુ વર્ષ દરમ્યાન પાણીની અછત વર્તાય નથી. ચીખલી પંથકના વાણિયાવાડ વિસ્તારમાં અંદાજિત ૨૦૦ જેટલા મકાનો આવ્યા છે અને આ વિસ્તારમાં આશરે ૧૦૦-વર્ષ પહેલાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે દરેક મકાન દીઠ કુવા નિર્માણ કરવામાં આવ્યા હતા.



ધર્મેશ પટેલ

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અંદાજે ૧૦૦ વર્ષ અગાઉ બનાવાયેલા આ કુવાઓ આજે પણ વિસ્તાર માટે જીવનદાયી સાબિત થઈ રહ્યા છે. સમય જતાં કેટલીક જગ્યાએ બે મકાન દીઠ એક કુવો જોવા મળે છે છતાં પાણીની ઉપલબ્ધિમાં કોઈ મોટી સમસ્યા સર્જાતી નથી. ચીખલીના વાણિયાવાડમાં વર્ષભર પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ રહેતા મોટાભાગના કુવાઓમાં બારે માસ પાણી રહેતા સ્થાનિકોએ ઘર વપરાશ માટે પાણીની મોટરો કુવામાં ઉતારી રોજિંદા કાર્યોમાં આ પાણીનો ઉપયોગ કરી રહ્યા છે. આજ ફળિયામાં જાહેર ઉપયોગ માટે પણ કુવાઓ બનાવવામાં આવ્યા છે. જેનો લાભ સ્થાનિક લોકો આજે પણ લઈ રહ્યા છે. ખાસ વાત એ છે કે ચોમાસા દરમ્યાન આ તમામ કુવાઓ કુદરતી રીતે રિચાર્જ થાય છે અને આખું વર્ષ પાણીનો જથ્થો જળવાઈ રહે છે.

એક તરફ દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પાણી મેળવવા માટે ડુંગરો ખૂંદવાની પરિસ્થિતિ સર્જાઈ રહી છે. ત્યારે ચીખલી પંથકનું વાણિયાવાડ ફળિયું પરંપરાગત જળ સંચય અને પાણી સંભાળનું જીવંત અને પ્રેરણાદાયક ઉદાહરણ બની રહ્યો છે.

## ૨.૫ લાખ વૃક્ષથી નવસારીને ગ્રીન સિટીની ઓળખ મળશે

**વિશ્વ** પર્યાવરણ દિવસે મનપાનું મેગા ગ્રીન મિશન; કમિશનર IAS જયેશ ઉપાધ્યાયે ખુદ મેદાનમાં ઊતરી સરવે કર્યો

નવસારી: વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નવસારી મનપાએ શહેરભરમાં અંદાજે ૨.૫ લાખ વૃક્ષોના વાવેતરનું ઐતિહાસિક અભિયાન હાથ ધરવાનો નિર્ણય લીધો છે. શહેરને આગામી સમયમાં 'ગ્રીન સિટી' તરીકે ઓળખ મળે તે દિશામાં તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ અભિયાનને સફળ બનાવવા માટે મ્યુનિસિપલ કમિશનર IAS જયેશ ઉપાધ્યાય આજે ખુદ મેદાનમાં ઉતર્યા હતા. ગાર્ડન અને લેન્ડસ્કેપ વિભાગના અધિકારીઓ સાથે તેમણે શહેરના વિવિધ વિસ્તારોમાં ફિલ્ડ વિઝિટ કરી વૃક્ષારોપણ માટે યોગ્ય જગ્યાઓનું નિરીક્ષણ કર્યું હતું. આગામી ચોમાસા પહેલાં સમગ્ર શહેરમાં ૨.૫ લાખ વૃક્ષોનું આયોજનબદ્ધ વાવેતર પૂર્ણ થાય અને દરેક વૃક્ષનું યોગ્ય સંરક્ષણ થાય તે માટે સમયપત્રક, મોનિટરિંગ અને જાળવણી અંગે પણ ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## નવસારીના પ્રથમ મેયર અશોકભાઈ ધોરાજિયાનું ગણદેવીમાં અભિવાદન



કેરસી બારીયા

બીલીમોરા: નવસારી મહાનગરપાલિકાના પ્રથમ મેયર તરીકે નિયુક્ત થયેલા અશોકભાઈ ધોરાજિયાનું ગણદેવી ખાતે ભાજપ પરિવાર તેમજ ગણદેવી પીપલ્સ બેંક પરિવાર દ્વારા જાહેર અભિવાદન કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

તાજેતરમાં યોજાયેલી નવસારી મહાનગરપાલિકાની ચૂંટણી બાદ અશોકભાઈ ધોરાજિયા પ્રથમ મેયર તરીકે વરાયા છે. ભાજપ સંગઠનમાં તેઓ માઇક્રો મેનેજમેન્ટ અને કાર્યકુશળતા માટે જાણીતા છે. તેમના અભિવાદન માટે ગણદેવી તાલુકા ભાજપ અને વિવિધ સંસ્થાઓએ સમય માંગ્યો હતો. તેમણે કાર્યકરો અને શુભેચ્છકોને ફૂલહાર કે ગુલદસ્તા ન લાવવા પણ અપીલ કરી હતી. અશોકભાઈ ધોરાજિયાએ ગણદેવી પીપલ્સ બેંકની મુલાકાત લીધી હતી. જ્યાં બેંકના ડિરેક્ટરો અને આગેવાનોએ તેમનું સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. બેંક મેનેજર હિમાંશુ વૈદ્યએ બેંકની ૭૫ વર્ષની ગૌરવશાળી સફરની ઝાંખી કરાવી હતી. બેંક પ્રમુખ જસ્મીન દેસાઈ, ગણદેવી ભાજપ પ્રમુખ શૈલેષ હળપતિ, તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પા પટેલ, ગણદેવી પાલિકા પ્રમુખ અનિતા ભંડારી, નિરવ ટેલર, મનીષ પટેલ, રાજુ પટેલ,રેખા પટેલ, શીલા પટેલ સહિત ભાજપના આગેવાનો, બેંકના ડિરેક્ટરો, કાર્યકરો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રાજસ્થાનથી અફીણ લાવી વેચતો શખ્સ ઝડપાયો

**રૂ.1.22** લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત, એક વોન્ટેડ



નવસારી: નવસારી SOGએ ચીખલી તાલુકામાંથી રાજસ્થાનથી અફીણ લાવી નવસારી જિલ્લામાં વેચાણ કરતાં એક શખ્સને ઝડપી પાડ્યો છે.

SOG ટીમને બાતમી મળી હતી કે ચીખલી નજીક આવેલી 'શ્રીદેવ અરિહંત ટ્રાવેલ્સ' નામની દુકાન સામે એક વ્યક્તિ અફીણનું વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર વોચ ગોઠવી કાર્યવાહી કરતા એક શખ્સને અટકાવી તેની તપાસ કરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી 154.26 ગ્રામ અફીણ મળી આવ્યું હતું. પકડાયેલા આરોપીની ઓળખ બદાહુરલાલ હોવાનું સામે આવ્યું છે. પૂછપરછ દરમિયાન આરોપીએ રાજસ્થાનમાંથી અફીણ લાવી નવસારી અને આસપાસના વિસ્તારોમાં વેચાણ કરતો હોવાની કબૂલાત આપી હોવાનું જાણવા મળે છે. પોલીસે આરોપી પાસેથી રૂ.77,130 કિંમતના અફીણ સાથે કુલ રૂ.1,22,530નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સમગ્ર કેસમાં રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના કરેડા તાલુકાના ફરડીયા ગામના રાજુ ગરડિયા નામના શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

## નવસારીમાં 6 દિવસ પહેલાં રાખેલી નોકરાણીએ ઘર સાફ કરી નાંખ્યું

નવસારી: નવસારીના ગણદેવી રોડ વિસ્તારમાં આવેલી વિજયંત એપાર્ટમેન્ટમાં રહેતા બિપીનભાઈ મહેતાના ઘરે થોડા દિવસ પહેલાં 'લીલાબેન' નામની મહિલાને ઘરકામ માટે રાખવામાં આવી હતી. શરૂઆતમાં સામાન્ય રીતે કામ કરતી મહિલાએ પરિવારનો વિશ્વાસ જીત્યા બાદ તક મળતાં



ઘરમાં રાખેલા રૂ.40 હજાર રોકડા તેમજ સોનાના દાગીનાઓ મળી કુલ રૂ.1.18 લાખની મત્તા ચોરી કરી નાસી છૂટી હતી. ચોરીની જાણ થતાં જ પરિવાર ચોંકી ઉઠ્યો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તપાસમાં જોતરાઈ હતી, તપાસના અંતે પોલીસે જૂના બસ ડેપો વિસ્તારમાંથી આરોપી મહિલાને ઝડપી પાડી હતી. મહિલા પાસેથી સોનાનું બ્રેસલેટ, ચેઈન, પેન્ડલ, રોકડ મળી કુલ રૂ. 3.04 લાખની મતા કબજે કરવામાં આવી હતી.






## ત્રણ બાળકની હત્યારી જનેતા જેલમાં ધકેલાઈ

**પોતે** પણ આપઘાતનો પ્રયાસ કરતાં હોસ્પિટલ ખસેડાઈ હતી, રજા મળતા જ પોલીસે અટક કરી



ઉમરગામ: ઉમરગામના પાલી કરમબેલીમાં ત્રણ માસૂમ બાળકોની હત્યારી જનેતાને હોસ્પિટલમાંથી રજા મળતા પોલીસે અટક કરી હતી. પોલીસ સમક્ષ તેણીએ હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. પોલીસે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડી (જેલ)માં મોકલી આપવાનો હુકમ કર્યો છે.


પાલી કરમબેલી ગામે રાયની ચાર રસ્તા ભીગાડી ફળિયામાં સંજયભાઈ મહેશભાઈ હળપતિ સાથે છેલ્લા છ વર્ષથી પરિવારની સંમતિથી લીવ ઈન રિલેશનશિપમાં નિશા વસંતભાઈ વારલી રહેતી હતી. તેણીના મોબાઈલ ફોનમાં અન્ય યુવકનો પ્રેમનો ટેક્સ મેસેજ પતિ સંજયે જોઈ લેતાં આ બાબતે ઝઘડો થતાં પરિવારના સભ્યોએ ઠપકો આપ્યો હતો. આ વાતને લઈને ગુસ્સામા તેણીએ પોતાના ત્રણ બાળક બે વર્ષની પુત્રી અને નવ માસના બે જોડિયા બાળકોની ગતરોજ હત્યા કરી નાખી હતી.

આરોપી નિશા બુધવારથી છેલ્લા ત્રણેક દિવસથી વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ હોય રજા મળતા પોલીસે તેની અટક કરી હતી અને પૂછપરછ કરતાં પોલીસ સમક્ષ કબૂલ્યું હતું કે તેના મોબાઈલ ફોનમાં એક યુવક સાથે પ્રેમનો ટેક્સ મેસેજ તેના પતિએ જોઈ લેતાં અફેર હોવાની ખબર પડતાં ઘરમાં ખૂબ ઝઘડો થયો હતો તથા પરિવારના લોકો ઠપકો આપતા હોય મારું કોઈ નથી. બાળકોને મારી નાખું અને હું પોતે પણ મરી જાઉં એમ આક્રોશમાં આવી તેણીએ બાળકોના મોં નાક દબાવીને હત્યા કરી નાખી હતી. હોસ્પિટલમાંથી રજા મળતા સરીગામ પોલીસે આરોપી નિશાની અટક કરી હતી અને ઉમરગામ કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડી નવસારી (જેલ)માં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.


## ખાડામાં પડતાં નિવૃત્ત PSIનું મોત

**સાદકપોર** ગામે કેરી પાડતી વખતે ઝાડ પરથી નીચે પટકાતા શ્રમજીવીનું મોત

ઘેજ: ચીખલી તાલુકામાં મિણકચ્છ ગામે ૫૮ વર્ષીય મહેશભાઈ રાયસિંગભાઈ પટેલ (નિવૃત્ત PSI) પોતાના નવા મકાનનું બાંધકામ કરાવી રહ્યા હતા. બાંધકામની જગ્યાએ પાણી છાંટી રહ્યા હતા ત્યારે ઊંડા ખાડામાં આકસ્મિક રીતે પડી જતાં ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે બીજા બનાવમાં ચીખલી તાલુકાના સાદકપોર ધડુલી ફળિયા ખાતે આંબાવાડીમાં શ્રમજીવી સુધીર રામબચન પાસવાન કેરી પાડવા માટે ચડ્યા હતા. દરમિયાન ઝાડની ડાળી તૂટી જતાં આશરે ૨૫-ફૂટની ઊંચાઈએથી પટકાતા ગંભીર ઈજેન લઈ હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં તબીબે મૃત જાહેર કર્યા હતા.






Maa Foundation
Knowledge is growth

**ભારતમાં પ્રોફેશનલ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અંગેની જાહેરાત (૨૦૨૬-૨૭)**

મા ફાઉન્ડેશન ૨૦૦૬ થી વલસાડ, ભાવનગર અને અમરેલી જિલ્લામાં વિવિધ શૈક્ષણિક પ્રોજેક્ટમાં કાર્યરત છે. ૨૧મી સદીના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ માટે જીવનની કારકિર્દી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા વિના શક્ય નથી આ વિસ્તારના હોશિયાર અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવીને ખૂબ આગળ વધે એ હેતુથી મા ફાઉન્ડેશન શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે શિષ્યવૃત્તિ યોજના શરૂ કરી રહ્યું છે.

અરજી માટેની લાયકાત:

૧. વિદ્યાર્થી છેલ્લા પાંચ વર્ષથી વલસાડ જિલ્લો, દમણ, દાદરા નગર હવેલીનો રહેવાસી હોવો જરૂરી છે
૨. અન્ય કોઇ શિષ્યવૃત્તિ મળવા પાત્ર ન હોય તેમને પ્રાથમિકતા અપાશે
૩. ધોરણ ૧૨ (સાયન્સ પ્રવાહ): ૭૦% (પર્સન્ટાઇલ નહીં) કે તેથી વધુ (ભાઈઓ અને બહેનો બંને માટે)
૪. સ્નાતક કક્ષા/અનુસ્નાતક કક્ષા એ ભણતા હોય તો તેના બીજા/ત્રીજા/ચોથા વર્ષમાં ૬૫% કે તેથી વધુ ટકાવારી મેળવેલ હોય
૫. ડિપ્લોમા એન્જીનીયરિંગ: ધોરણ ૧૦માં ૭૫% (પર્સન્ટાઇલ નહીં) કે તેથી વધુ ટકાવારી મેળવેલ હોય
૬. બહેનો માટે: ફક્ત વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે ધોરણ ૧૨ આર્ટસ અને કોમર્સ પ્રવાહમાં ૮૦% (પર્સન્ટાઇલ નહીં) કે તેથી વધુ, (ફક્ત વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ થયેલ ભાઈઓ અરજી કરી શકે છે)
૭. CA/CS માટે: ફક્ત ફાઇનલ લેવલના વિદ્યાર્થીઓ માટે (ભાઈઓ અને બહેનો બંને માટે)
૮. કૌટુંબિક આવક: વાર્ષિક ૪ લાખ કે તેથી ઓછી
૯. કોઈ પણ સરકાર માન્યતા પ્રાપ્ત કોલેજ અથવા યુનિવર્સિટીમાં પ્રોફેશનલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ
૧૦. વિધવા/છૂટાછેડા લીધેલ બહેનોના બાળકો, અનાથ, દિવ્યાંગ બાળકોને પ્રાથમિકતા આપવામાં આવશે

MBBS/BDS માં સ્વનિર્ભર મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવનાર, મેનેજમેન્ટNRI ક્વોટા, વિદેશમાં અભ્યાસ કરતાં તેમજ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.

અરજી કરવા માટે નીચે મુજબ અનુસરવાનું રહેશે. અધૂરા ડોક્યુમેંટ્સ અથવા યોગ્ય લેખિત અરજી વિના ફક્ત ડોક્યુમેંટ્સ હશે તો તે રદ થવા પાત્ર છે:

૧. લેખિત અરજી સાથે સ્વ-પ્રમાણિત ડોક્યુમેટ્સની નકલ પોસ્ટ/કુરિયર/રૂબરૂ ઓફિસ પર મોકલવાની રહેશે. (લેખિત અરજીના નમૂના માટે વેબસાઇટની મુલાકાત લેશો: www.maafoundation.org)
૨. ધોરણ ૧૦-૧૨ નું પરીણામ અને શાળા દ્વારા અપાયેલ ટ્રાયલ સર્ટીફીકેટ, શાળા છોડયાના દાખલા સાથે, કોલેજના બીજા/ત્રીજા/ચોથા વર્ષ માટે કોલેજના પાસ કરેલ તમામ સેમેસ્ટરના પરીણામ(ઈન્ટરનેટ કોપી હોય તો કોલેજના સહીસિક્કા અનિવાર્ય)
3. અભ્યાસ માટે કોઈ પણ ગેપ હોય તો તેનું કારણ દર્શાવતું પ્રમાણપત્ર જોડવું ફરજિયાત છે
૪. જાતિનું/EWS પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)
૫. બોનાફાઇડ/વર્તમાન સેમેસ્ટરની ફી રસીદ ની નકલ
૬. હોસ્ટેલ ફી/ભોજન ખર્ચ/PGમાં રહેવા બાબતની રસીદ અથવા માહિતી
૭. માતા/પિતાનો ચાલુ વર્ષનો આવકનો દાખલો/પગાર સ્લીપ/ ૭/૧૨, ૮/અ (જે લાગુ પડતું હોય તે)
8. રેશન કાર્ડ અને લાઇટ બિલની નકલ
૯. ખાતા નંબર, IFSC Code સાથેની પાસબુકની નકલ
૧૦. પિતા અથવા માતાપિતા બંનેની ગેરહાજરી હોય તો તેમના મરણના દાખલાની નકલ ત્યક્તા બહેનોના બાળકો એ છૂટાછેડાના જરૂરી કાગળની નકલ જોડવી
૧૧. અરજી કરવાની છેલ્લી તારીખ: ૩૧/૧૦/૨૦૨૬ (પ્રવેશ મેળવવામાં વિલંબ થયેલ હોય તો તેના પુરાવા રજૂ કરવા)

અરજી મંજૂર કરવાનો અંતિમ નિર્ણય સંસ્થાનો રહેશે. જે વિદ્યાર્થીની અરજી મંજૂર થશે તેમને અરજીમાં આપેલ સંપર્કની વિગત પર જાણ કરી માતાપિતા સાથે વ્યક્તિગત મુલાકાત માટે બોલાવવામાં આવશે.

**મા ફાઉન્ડેશન**
શ્રી જી. એમ બિલખિયા ક્રિકેટ સ્ટેડિયમ બિલખિયા હાઉસ,
મુક્તાનંદ માર્ગ, ચલા, વાપી. ૩૯૬૧૯૧
ફોન: ૮૩૪૭૫૦૦૦૧૨/૮૧૪૦૪૦૩૧૦૦/૮૧૪૦૪૦૯૧૦૦ (સંગીતાબેન અને જયેશભાઈ)
E-Mail: scholarship.vapi@maafoundation.org